સુરતનું તાપમાન ઘટયું છતાં ગરમીમાં રાહત નહિં

તાપમાન એક ડિગ્રી ઘટ્યું છતાં 40 ડિગ્રી જેવી ગરમીનો અનુભવ

ભેજ 45 ટકા, લઘુત્તમ તાપમાનમાં વધારો, આરોગ્ય માટે જોખમ

સુરતઃ સુરત શહેરમાં આજે તાપમાનમાં નાનો ઘટાડો નોંધાયો હોવા છતાં ગરમીનો પ્રકોપ યથાવત રહ્યો હતો. દિવસ દરમિયાન લોકોને કાળઝાળ તાપનો સામનો કરવો પડ્યો હતો અને તાપમાન જાણે 40 ડિગ્રીને પાર પહોંચી ગયું હોય તેવી ગરમીનો અનુભવ થયો હતો.

મોસમી આંકડાઓ મુજબ મહત્તમ તાપમાનમાં એક ડિગ્રીનો ઘટાડો નોંધાયો હતો, પરંતુ તેની કોઈ ખાસ રાહત ન મળતાં લોકો ગરમીથી અકળાઈ ગયા હતા. બીજી તરફ, લઘુત્તમ તાપમાનમાં આશરે અઢી ડિગ્રીનો વધારો થતાં તે 26.2 ડિગ્રી સુધી પહોંચ્યું હતું, જેના કારણે રાત્રિ દરમિયાન પણ ગરમીનો અનુભવ યથાવત રહ્યો હતો. હવામાં 45 ટકા જેટલો ભેજ નોંધાતા વાતાવરણમાં ઉકળાટ અને બફારો વધી ગયો હતો. આ ભેજના કારણે ગરમી વધુ અસહ્ય બની ગઈ હતી અને લોકોમાં ત્રાહિમામની સ્થિતિ સર્જાઈ હતી. દિવસ દરમિયાન બહાર નીકળવું મુશ્કેલ બન્યું હતું, જ્યારે ઘરમાં પણ ગરમીથી રાહત મળી નહોતી. આરોગ્ય નિષ્ણાતોના મત મુજબ તાપમાનમાં થતો નાનો ઘટાડો ભલે રાહતરૂપ લાગે, પરંતુ ભેજ અને ઉકળાટ વધતાં ગરમી વધુ જોખમી બની શકે છે. ખાસ કરીને વૃદ્ધો, બાળકો અને બીમાર લોકોને હીટ સ્ટ્રોક, ડિહાઈડ્રેશન જેવી સમસ્યાઓનો ભય વધે છે. હવામાન વિભાગે આગામી દિવસોમાં હિટવેવની શક્યતા વ્યક્ત કરી છે, જેના કારણે શહેરમાં ચિંતા વધતી જોવા મળી રહી છે. નિષ્ણાતોએ લોકોને જરૂરી તકેદારી રાખવાની સલાહ આપી છે, જેમ કે વધુ પાણી પીવું, બપોરના સમયે બહાર જવાનું ટાળવું અને સીધા તડકાંથી બચવું.

તાપી નદી પર મેટ્રો બ્રિજને અંતિમ ઓપ

(તસવીર : હેમંત ડેરે)

■ થોડા દિવસ પહેલા જ સુરતમાં મેટ્રોનો ટ્રાયલ ટ્રેક ટેસ્ટ થઇ ચૂક્યો છે ત્યારે હવે તાપી નદી ઉપર બની રહેલો બ્રિજ પણ તેના અંતિમ તબક્કામાં પહોંચી ગયો છે.

સંક્ષિપ્ત સમાચાર

જીડી ગોએન્કા સ્કૂલ દ્વારા ધો.3થી 8ના વિદ્યાર્થીઓ માટે 'સંસ્કૃતિ થી સંસ્કાર સુધી' સત્રનો આરંભ કરાયો

સુરતઃ જી.ડી. ગોયન્કા ઇન્ટરનેશનલ સ્કુલ, સુરતે ધોરણ 3 થી 8ના વિદ્યાર્થીઓ માટે "સંસ્કૃતિ થી સંસ્કાર સુધી" નામના વિશેષ પૌરાણિક સત્રનો પ્રારંભ કર્યો છે. જેમાં વિદ્યાર્થીઓ દર અઠવાડિયે એક સમર્પિત પિરિયડમાં રામાયણ, મહાભારત અને ભગવદ્ ગીતાનો અભ્યાસ કરશે. 8મી એપ્રિલે યોજાયેલા રામાયણના ઉદ્ઘાટન સમારંભમાં ઇસ્કોન મંદિર મહેસાણાના અધ્યક્ષ અદ્વૈત આચાર્ય પ્રભુજીની હાજરી રહી હતી. સાથે સાથે શ્રી રામ મંદિર ચેરિટેબલ ટ્રસ્ટના અધ્યક્ષ ચંદર પ્રકાશ જીવનદાસ તનેજા પણ હાજર રહ્યા હતા. આ સત્ર શ્રી શ્રી ગૌર રાધા મંદિરની સાચી દેવી દાસી દ્વારા સંચાલિત કરવામાં આવ્યું હતું. "સંસ્કૃતિ થી સંસ્કાર સુધી" પહેલ પ્રાથમિક વિભાગની ડીન ડો. શિલ્પા સુર્યા દ્વારા હાથ ધરવામાં આવી છે અને તેને ચીફ મેન્ટર મનહરભાઈ કાકડિયા તથા એકેડેમિક ડિરેક્ટર અને પ્રિન્સિપાલ ડો. શ્રુતિ અગ્રવાલના માર્ગદર્શન યોજવામાં આવ્યો હતો.

અઢારમી 'કેતન મુનશી વાર્તા સ્પર્ધા'માં વિજેતાઓની જાહેરાત કરાઈ

સુરતઃ નર્મદ સાહિત્ય સભા દ્વારા પ્રતિવર્ષ યોજાતી 'કેતન મુનશી વાર્તા સ્પર્ધા'માં અઢારમી કેતન મુનશી વાર્તા સ્પર્ધામાં ૨૦૨૫-૨૬મી આ વાર્તા સ્પર્ધામાં પ્રથમ ક્રમે અમદાવાદના દીવાન ઠાકોરની વાર્તા 'પૂંછડીવાળું બાળક' વિજેતા બની છે, તો બીજા ક્રમે અમદાવાદના ચિંતન આચાર્યની પતંગિયું' વાર્તા અને ત્રીજા ક્રમે જુનાગઢના કેશોદ તાલુકાના કલવાણી ગામના દિવ્યા જાદવની 'અંતે તો' વાર્તા વિજેતા થઇ છે. વિજેતાઓને અનુક્રમે રૂપિયા પચીસ હજાર, દસ હજાર અને પાંચ હજારના રોકડ પુરસ્કાર આપવામાં આવશે. સ્પર્ધાના નિર્ણાયક તરીકે સાહિત્યકાર માવજી મહેશ્વરીએ સેવા આપી હતી અને સ્પર્ધામાં આવેલી ૧૪૫ વાર્તાઓમાંથી ત્રણ શ્રેષ્ઠની પસંદગી કરી હતી. નર્મદ સાહિત્ય સભાના પ્રમુખ બકુલ ટેલર અને મંત્રીઓ નરેશ કાપડીઆ, મયંક ત્રિવેદીએ વિજેતાઓને અભિનંદન પાઠવ્યા છે.

શ્રી સંત ભાવતા ફૂલ માળી સમાજ દ્વારા વિદ્યાર્થી માર્ગદર્શન શિબિર યોજાઈ

સુરત શ્રી સંત ભાવતા ફૂલ માળી સમાજ મંડળ, સુરત દ્વારા તા.11મી એપ્રિલના રોજ વિદ્યાર્થી માર્ગદર્શન શિબિરનું આયોજન કરવામાં આવ્યું હતું. આ કાર્યક્રમમાં નંદુરબારથી પધારેલા રાજેન્દ્ર સુખદેવ માળી તથા સુરતના યોગેશ પાટીલ દ્વારા ખાસ વિદ્યાર્થીઓને માર્ગદર્શન અને પ્રેરણાદાયક પ્રવચન આપવામાં આવ્યું હતું. વિદ્યાર્થીઓએ ઉત્સાહપૂર્વક ભાગ લીધો હતો અને પ્રશ્નોત્તરી સત્રમાં પ્રશ્નો પૂછ્યા હતા, જેમાં નિષ્ણાંતોએ સરળ અને સ્પષ્ટ રીતે જવાબ આપ્યા હતા. કાર્યક્રમને સફળ બનાવવા માટે મંડળના પ્રમુખ મહેશકુમાર મીતારામ મહાજન તથા તમામ કાર્યકર્તાઓનો મહત્વનો ફાળો રહ્યો હતો.

આયુષી ખંભાતા પીએચ.ડી. થયા

સુરતઃ આયુષી કિરણકુમાર ખંભાતાએ કોમર્સ/એકાઉન્ટન્સી વિષયમાં ''A study on customers perception towards service quality of life insuarance corporation of India (With special reference of surat city)'' વિષય પર રજૂ કરેલા મહાશોધ નિબંધને VNSGU દ્વારા પીએચ.ડી.ની પદવી એનાયત કરવામાં આવી છે. આ કાર્ય તેમણે ડો.હીના.એસ.ઓઝાના માર્ગદર્શન હેઠળ તૈયાર કર્યુ હતું.

આજના માણસની પાસે સંતોષ અને સાદગી નથી: જૈનાચાર્ય પદ્મદર્શનસૂરિજી

મુંબઈઃ મુંબઈ મલાડ (વેસ્ટ) માર્વે રોડ સ્થિત શ્રી રિદ્ધિ-સિદ્ધિ આદર્શ શ્વે. મૂ. પૂ. જૈન સંઘમાં જૈનાચાર્ય પદ્મદર્શનસૂરિજી મહારાજ આદિ શ્રમણ ભગવંતોની પધરામણી થઈ હતી. આ પાવન પ્રસંગે ધર્મસભાનું આયોજન થયું હતું. આચાર્ય પ્રવર પદ્મદર્શનસૂરિજી મહારાજે જણાવ્યું હતું કે, જગતમાં ઘણી જાતના ધર્મો છે પણ સેટિસફેક્શન નામનો ધર્મ શ્રેષ્ઠ છે. આજના માણસની પાસે સંતોષ અને સાદગી નથી. જે મળ્યું છે તે ઓછું જ પડે છે. નારક અને તિર્યંચ ગતિમાં અસહ્ય દુઃખો છે. આ દુઃખોની પરાધીનતા પણ ગજબની છે. પોતાનું ધાર્યું કાંઈ જ થઈ શકે તેમ નથી. એમાં પણ નરક ગતિમાં તો આંસુ લુછનાર પણ કોઈ નથી. તિર્યંચ ગતિની સ્વચ્છંદતા અને પરાધીનતા પારાવાર છે. દેવગતિમાં ઈર્ષ્યા અને અતૃપ્તિની આગે દાટ વાળ્યો છે. સ્વર્ગનાં મળેલા સુખો પણ દેવને વામણાં લાગે છે. મારા કરતાં આને વધારે કેમ મળ્યું એની ચિંતામાં રાત-દિવસ એ ગ્રસ્ત છે.

અમરોલીમાં આંબેડકર જન્મજયંતિ નિમિત્તે આજે સ્વાભિમાન રેલી

સુરતઃ અમરોલી વિસ્તારમાં ડો. આંબેડકર એજ્યુકેશન એન્ડ ચેરીટેબલ ટ્રસ્ટ દ્વારા ડો. બાબાસાહેબ આંબેડકરની ૧૩૫મી જન્મજયંતિ નિમિત્તે સ્વાભિમાન રેલીનુ આયોજન કરવામાં આવ્યું છે. આ સ્વાભિમાન રેલી આવતીકાલે બપોરે ૪:૦૦ વાગ્યે શ્રીરામનગરથી શરૂ થશે અને રેલીનું સમાપન ડો. આંબેડકર ભવન, ગાયત્રીનગર ખાતે થશે. ટ્રસ્ટનાં પ્રમુખ રવજીભાઈ સરવૈયાએ જણાવ્યું હતું કે આ રેલી અમરોલીના વિવિધ વિસ્તારોમાંથી પસાર થશે. જ્યાં સોસાયટીના રહીશો દ્વારા સ્વાગત કરાશે.

જીવનભારતી મંડળ દ્વારા વર્કશોપનું આયોજન કરાયું

સુરતઃ જીવનભારતી મંડળ દ્વારા પુસ્તક પરિચયની કળા વિષય અંતર્ગત તારીખ 13/ 4 /2026, સોમવારના રોજ વર્કશોપનું આયોજન કરાયું હતું. માર્ગદર્શન તરીકે ડો. પન્ના ત્રિવેદી હાજર રહ્યા હતા. જ્યારે સંચાલન શિક્ષિકા રચના ચૌધરી દ્વારા કરવામાં આવ્યું હતું. ઉદ્બોધન નેહાબેને કર્યું હતું. માર્ગદર્શક ડો.પન્ના ત્રિવેદીએ પુસ્તકરૂપી ખજાનાને વાચકના હૃદય સુધી કેવી રીતે પહોંચાડવો, પુસ્તક પરિચય માટે પુસ્તકની પસંદગી, પુસ્તકનું આવરણ, સાહિત્ય પ્રકાર વચ્ચેનો ભેદ, કોને કયા સંજોગોમાં અર્પણ કર્યું, પુસ્તકની પ્રસ્તાવના, પુસ્તક વાંચન માટેના રસપ્રદ સ્થાનો, લેખકના જીવન સાથે જોડાયેલા રસપ્રદ કિસ્સાઓ વગેરે વિષય ઉપર ઉદાહરણ સહિત અદભુત માર્ગદર્શન પૂરું પાડ્યું હતું. જીવનભારતી મંડળના ઉપાધ્યક્ષ ડો. પ્રજ્ઞેશભાઈ જોશી, મંત્રી મયંકભાઈ ત્રિવેદી, પ્રતિનિધિ હરેશભાઈ જરીવાલા તથા વૈભવીબેન મહેતાની ઉપસ્થિતિ રહી હતી. આભારવિધિ મિનાક્ષીબેને કરી હતી.

લગ્ન માટે દબાણ કરી પરિણીતાનો દુપટ્ટો ખેંચનાર ઝડપાયો

સુરતઃ લિંબાયતમાં લગ્ન માટે દબાણ કરી પરિણીતાનો દુપટ્ટો ખેંચી લેનાર સામે પોલીસ ફરિયાદ નોંધાઇ છે. આ કેસમાં પોલીસે ગુનો નોંધી ધમકી આપનાર સોયેબ ઉર્ફે ડમોને ઝડપી પાડ્યો છે. લિંબાયત વિસ્તારમાં રહેતી એક પરિણીતા ગઇ તારીખ ૮/૪/૨૦૨૬ ના રોજ સાંજના સમયે ઘરે જઇ રહી હતી ત્યારે જ તે જ વિસ્તારમાં રહેતો સોયેબ ઉર્ફે ડમો નામનો શખ્સ તેની પાસે આવ્યો હતો. સોયેબે પરિણીતાને ઊભી રાખી તેની સાથે લગ્ન કરવા માટે જીદ પકડી હતી. તેણે લગ્નનો ઇનકાર રોમિયોએ રસ્તા પર જ તમાશો શરૂ કર્યો હતો. તેણે પરિણીતાને ગાળો આપી દુપટ્ટો પણ ખેંચી લીધો હતો. અને પોલીસને જાણ કરશે તો મારી નાંખીશ તેવી ધમકી પણ આપી હતી. જો કે પરિણીતાએ ફરિયાદ કરતાં પોલીસે આરોપી સોયેબ ઉર્ફે ડમોને ઝડપી પાડી વધુ તપાસ હાથ ધરી છે.

મોટાવરાછાનાં હીરા વેપારીને ચેક રિટર્ન કેસમાં સજા

સુરતઃ હીરાની ખરીદી પેટે રૂપીયા ૬૪,૪૦,૫૩૩નો ચેક રિટર્ન કેસમાં આરોપી હીરા વેપારી જીતેન્દ્રભાઈ છગનભાઈ ભાખરને ટ્રાયલ કોર્ટે એક વર્ષની સજા ફટકારી હતી. આ કેસની વિગત મુજબ મોટા વરાછા અભિષેક રેસિડેન્સીમાં રહેતાં હીરા વેપારી જીતેન્દ્રભાઈ છગનભાઈ ભાખરે ફરિયાદી કરશનભાઈ અંબારામ ખોખાણી(પ્રો. એવર શાઈન ડાયમંડ) પાસેથી ૬૪,૪૦,૫૩૩ની કિંમતના હીરા ખરીદ્યા હતા. પેમેન્ટ પેટે આરોપીએ બેંકનો ચેક આપ્યો હતો. આ ચેક રિટર્ન થતાં ફરિયાદીએ વકીલ નરેન્દ્ર એમ. રંગાણી અને રાકેશ એ. વાણીયા મારફતે કોર્ટમાં કેસ દાખલ કર્યો હતો. જે ચાલી જતાં જ્યુડિશિયલ મેજિસ્ટ્રેટ ફર્સ્ટ ક્લાસ(સેકન્ડ કોર્ટ)નાં જજ વિષ્ણુ ડી દવેએ આરોપીને દોષિત ઠેરવી એક વર્ષની સાદી કેદની સજા અને ચેકની રકમ વળતર પેટે ચુકવવા હુકમ કર્યો હતો.

ડભોલી બ્રિજ નીચે તાપી નદીમાં ન્હાવા પડેલા યુવકનું ડૂબી જતા મોત

સુરતઃ ડભોલી બ્રિજ નીચે તાપી નદીમાં ન્હાવા પડેલા ડિંડોલીના યુવકનું પાણીમાં ડૂબી જતા મોત થયું હતું. રવિવારની રજા હોવાથી યુવક મિત્રો સાથે તાપી નદીના કિનારે ફરવા ગયો હતો. મળતી માહિતી મુજબ, ડીંડોલી વિસ્તારમાં આવેલી અમીધારા સોસાયટીમાં રહેતા 31 વર્ષીય વિકાસ રાજુભાઈ નાયકા, પાલ ગૌરવ પથ રોડ પર આવેલ ખાનગી મોટર્સ વર્કશોપમાં નોકરી કરી પરિવારને આર્થિકરીતે મદદરૂપ થતો હતો. રવિવારના દિવસે વિકાસની રજા હોવાથી તે મિત્ર સાથે ડભોલી બ્રિજ નીચે તાપી નદીના કિનારે ફરવા ગયો હતો. ત્યારે ગરમીના લીધે વિકાસે મિત્રને ન્હાવા જવાનું કહીને તે નદીમાં ફૂદકો માર્યો હતો. દરમિયાન તે પાણીમાં ડૂબી ગયો હતો. ભારે શોધખોળ બાદ આજે સવારે 7 વાગ્યાના અરસામાં વિકાસનો તે જ જગ્યા પરથી મૃતદેહ મળી આવ્યો હતો.

"કોની રાહ જુઓ છો?" મ્યુનિસિપલ કમિ.

ખાડીઓ પરના દબાણો દૂર કરવા 7 દિવસની ડેડલાઈન

સવાલ સાથે અંદર સુધી સફાઈ માટે એક્શન પ્લાન રજૂ કરવાનો આદેશ

સુરત મહાનગર પાલિકા કમિશનર એમ. નાગરાજએ ખાડીઓની સફાઈ અને દબાણો દૂર કરવાની કામગીરીમાં ઢીલાશ મુદ્દે અધિકારીઓ પર કડક વલણ અપનાવ્યું છે. તાજેતરમાં ડેપ્યુટી કમિશનર દિનેશ રમેશ ગુરવે દ્વારા લેવાયેલી મીટીંગના રિવ્યૂ રિપોર્ટ બાદ કમિશનરે અસંતોષ વ્યક્ત કર્યો હતો.

ખાડીઓ પરના દબાણો હજુ સુધી કેમ દૂર કરવામાં આવ્યા નથી તે મુદ્દે કમિશનરે સવાલ ઉઠાવતા "દબાણો હટાવવામાં વાંધો શું છે? કોની રાહ જોવાઈ રહી છે?" તેવી ટકોર કરી હતી. આખરે કમિશનરે સાત દિવસની અંદર ખાડીઓ પરના દબાણો દૂર કરવા અને અંદર સુધી પહોંચી સંપૂર્ણ સફાઈ કરવા માટે સ્પષ્ટ એક્શન પ્લાન રજૂ કરવાનો આદેશ આપ્યો છે. આ આદેશને પગલે સંબંધિત વિભાગોમાં દોડધામ મચી ગઈ છે. અત્રે ઉલ્લેખનીય છે કે છેલ્લા ઘણા વરસોથી ચોમાસા વખતે ખાડીમાં આવતા પુર બાદ તંત્ર દોડતુ થાય છે.

NATA
ENTRANCE EXAM PREPARATION
2025-26
10th To 12th & DIPLOMA
ARCHITECT
INTERIOR
JEE-2
NID
FINE ARTS
GAJENDRA MAJITHIA
New citylight
91-98251-47447

NR સ્પા'ની આડમાં ચાલતા સેક્સ રેકેટ પર AHTUના દરોડા

સંચાલક અને ગ્રાહક સહિત 5 રંગે હાથ પકડાયા, 6 મહિલાઓને મુક્ત કરાવાઇ

સુરત : પુણા-કડોદરા રોડ પર આવેલી 'ટાઈમ સ્ક્વેર' બિલ્ડીંગના પહેલા માળે કાર્યરત 'NR સ્પા' પર એન્ટી હ્યુમન ટ્રાફિકીંગ યુનિટે (AHTU) ઓચિંતો દરોડો પાડી સંચાલકો અને રત્નકલાકાર સહિત પાંચ લોકોને પકડી પાડ્યા છે. પોલીસે દરોડા દરમિયાન 2,33,600નો મુદ્દામાલ જપ્ત કર્યો અને 6 ભારતીય મહિલાઓને મુક્ત કરાવી છે.

AHTUના પોલીસ ઈન્સ્પેક્ટર એમ.બી. શેરગીલ અને તેમની ટીમને મળેલી ચોક્કસ બાતમીના આધારે પુણા-કડોદરા રોડ પર આવેલી 'ટાઈમ સ્ક્વેર' બિલ્ડીંગના પહેલા માળે કાર્યરત 'NR સ્પામાં રેઈડ કરી હતી. પોલીસે સ્થળ પરથી 6 ભારતીય મહિલાઓને આ નરક જેવી સ્થિતિમાંથી મુક્ત કરાવી સુરક્ષિત સ્થળે ખસેડી છે.

પોલીસે આ દરોડા દરમિયાન કુલ રૂપિયા 2,33,600નો મુદ્દામાલ જપ્ત કર્યો છે, જેમાં રોકડ રકમ, 4 મોબાઈલ ફોન અને 3 મોટરસાયકલનો સમાવેશ થાય છે. આ ગુનામાં સંડોવાયેલા સંચાલકો ગણેશભાઈ મુકેશભાઈ સોનાર (રહે. સંતોષી નગર,લીંબાયત) અને કોમલ નરેન્દ્ર સોનાર (રહે. સ્વસ્તિક લેક એપાર્ટમેન્ટ,ડિંડોલી) જ્યારે ગ્રાહકો દેવાંગ ભીખા ત્રિવેદી (રહે, મોટી વાવડી તા. ગારીયાધર ભાવનગર), રાકેશ જીવરાજ ગોધાણી (રહે, નવી શક્તિવિજય સોસાયટી બરોડા પ્રિસ્ટેજ પાસે વરાછા) અને બ્રિજેશ કાંતિ કાછડીયા (રહે, શુભવિલા રો-હાઉસ વેલંજા)ને રંગે હાથ પકડી પાડ્યા છે.

આ કેસમાં હજુ ચાર શખ્સો પોલીસ પકડથી દૂર છે, જેમાં સ્પાના માલિક કલ્પેશભાઇ દવે, નરેન્દ્ર સોનાર, યુવતીઓ સપ્લાય કરનાર રાજુ પંડિત અને એજન્ટ પ્રવિણ ઉર્ફે મેક્ષનો સમાવેશ થાય છે. જેની શોધખોળ પોલીસ કરી રહી છે.

પ્રવિણના ગ્રાહકને રાજુ મહિલા મોકલતો

છેલ્લા એક વર્ષથી સ્પાની આડમાં માલિક કલ્પેશ દેહવેપારનો ધંધો કરતા હતા. જ્યારે રાજુ પંડીત સ્પામાં મહિલા મોકલતો હતો. જ્યારે પ્રવિણ ગ્રાહકને વોટ્સએપ પર મહિલાના ફોટો બતાવી મોકલતો હતો. ગ્રાહક પાસેથી રૂપિયા 1000થી 2000 સુધી વસુલ કરવામાં આવતા હતા.

હનીટ્રેપ કેસમાં મોટામંદિરના મેહુલ જડિયાના જામીન નામંજૂર

રેડીમેઈડ કપડાંનાં વેપારીનાં પિતાનો નગ્ન વિડીયો ઉતારી બ્લેકમેઇલ કરાયાં હતાં

સુરતઃ રેડીમેઈડ લેડીસ કપડાંનાં વેપારીના પિતાને હની ટ્રેપમાં ફસાવી પિતાને બ્લેક મેલ કરી રુપીયા ૩૯ લાખ પડાવી લઈ ગુનાહિત કૃત્ય કેસમાં આરોપી મેહુલ અરુણકુમાર જડીયાની જામીન અરજી ફાસ્ટ ટ્રેક સ્પેશિયલ પોકસો કોર્ટે ફગાવી દીધી હતી. આ ચકચારીત કેસની હકીકત મુજબ ફરિયાદીએ આરોપી મેહુલભાઇ જાડીયા, વિનોદભાઈ મનાની, યુસુફ ચોકસી (ચૌટા બજાર) વિરુદ્ધ અઠવા પોલીસ સ્ટેશને ફરિયાદ નોંધાવી હતી. જેમાં આરોપી મેહુલભાઇ , વિનોદભાઈએ ફરિયાદીનાં પિતાને બારડોલી પલસાણા હાઇવે ખાતે લઇ જઇ એક અજાણી છોકરીને ત્યાં બોલાવી તેની સાથે ફરિયાદીનાં પિતાજીનાં નગ્ન અવસ્થાનો વિડીયો બનાવી લીધો હતો. જે વિડીયોનાં આધારે બ્લેકમેઇલ કરી બળાત્કાર જેવા ગંભીર ગુનામાં ફસાવી દેવાની ધમકી આપી પૈસાની માંગણી કરી હતી. જેથી ફરિયાદીનાં પિતા પાસે રૂ ૩૯ લાખની એફડી તોડાવી બળજબરીથી લઇ ગયાં હતા. તેમજ આશરે ૧૩૦ તોલાના દાગીના અને ૫ કિલો ચાંદીના દાગીના તથા ચાંદીના સિક્કા પણ સેફમાંથી બળજબરી પુર્વક કઢાવી લઇ તે દાગીના યુસુફભાઈ ચોકસી (મોટા મંદીર પાસે ચૌટાપુલ) સાથે મળી તમામ દાગીના વેચાણ કરી તેના રૂપિયા મેળવી લઇ બાદમાં આ દાગીનાના ફોટા આધારે ડુપ્લિકેટ દાગીનાઓ બનાવડાવી તે દાગીનાઓ સેફમાં મુકાવી દીધા હતા અને ફરિયાદીનાં પિતાને જાનથી મારી નાખવાની ધમકી આપી હતી. આ કેસમાં પોલીસે આરોપી મેહુલની ધરપકડ કરી હતી. આરોપીએ જામીન પર છુટવા માટે વકીલ મારફતે કોર્ટમાં જામીન અરજી રજૂ કરી હતી. આ જામીન અરજીની સુનાવણી દરમિયાન મુળ ફરિયાદ પક્ષે વકીલ કેતન રેશમવાલાએ એફિડેવિટ રજૂ કરી હતી. તેમજ સરકાર પક્ષે મુખ્ય સરકારી વકીલ નયન સુખડવાલાએ જામીન અરજીનો વિરોધ કરી રજુઆત કરી હતી કે આરોપી સામે ગંભીર ગુનો છે. આરોપીઓએ પૂર્વ આયોજિત કાવતરામાં ફરીયાદીના પિતાને બ્લેકમેઈલ કરી ૩૯ લાખની FD તોડાવી, ૧૩૦ તોલા સોનાં અને પાંચ કિલો ચાંદી બળજબરીથી લઈ વેચી નાખ્યા છે. જામીન મળે તો સાક્ષીઓને પ્રભાવિત કરવાની શક્યતા છે. બંન્ને પક્ષની દલીલો સાંભળ્યા બાદ કોર્ટે આરોપી મેહુલ અરુણકુમાર જડીયાની જામીન અરજી નામંજૂર કરી હતી.

રત્નકલાકારના અંગદાનથી સાતના જીવનમાં નવો ઉજાસ

બીમાર પત્નીને અમદાવાદ ડોક્ટરને બતાવીને ઘરે આવ્યા બાદ ઢળી પડ્યા હતા

સુરતઃ મોટા વરાછામાં બ્રેઈનડેડ રત્નકલાકારના હૃદય, ફેંફસા, લીવર, બંને કિડની તેમજ આંખો સહિતના અંગદાનથી સાત લોકોને નવજીવન મળશે.

મૂળ ભાવનગર જિલ્લાના વતની અશોકભાઈ નાનુભાઈ ડોંડા (ઉં.વ.55) હાલ મોટા વરાછા વિસ્તારમાં આવેલી આવકાર રેસિડેન્સીમાં પરિવાર સાથે રહેતા હતા અને રત્નકલાકાર તરીકે નોકરી કરતા હતા. શુક્રવારે અશોકભાઈ તેમની પત્ની રેખાબેનને સારવાર માટે અમદાવાદ ખાતે લઇ ગયા હતા. ત્યાંથી ઘરે પરત આવ્યા બાદ અશોકભાઈને સારું નહીં લાગતા તે સોફા પર આરામ કરવા માટે બેઠા હતા. તે સમયે અચાનક તેઓ ઢળી પડ્યા હતા. જેથી તેમને સારવાર માટે ખાનગી હોસ્પિટલમાં ખસેડવામાં આવ્યા હતા. જ્યાં સારવાર દરમિયાન ડૉ. મૌલિક પટેલ (ન્યુરોસર્જન), ડૉ. નિરવ સુતરીયા (ન્યુરો ફિઝિશિયન), ડૉ. જીગ્નેશ ગેંગડીયા (એમ.ડી.) અને ડૉ. અનિલ તંતી (એડમિન) દ્વારા તેમને બ્રેઇનડેડ જાહેર કરવામાં આવ્યા હતા. આ સમયમાં જીવનદીપ ઓર્ગન ડોનેશન ફાઉન્ડેશન ટ્રસ્ટના પી.એમ. ગોંડલીયા અને વિપુલ તળાવીયા દ્વારા પરિવારને અંગદાન અંગે યોગ્ય માર્ગદર્શન અને સમજણ આપવામાં આવી હતી. પરિવારે અંગદાનની સંમતિ આપી હતી. જેથી બ્રેઈનડેડ અશોકભાઈના હૃદય, લિવર, બંને કિડની, ફેંફસા તેમજ બંને આંખોનું દાન કરવામાં આવ્યું હતું.

લાડુમાં ઝેર ભેળવવામાં પડોશી પર શંકા

પાડોશીની દીકરી ભાગી જવાના વિવાદને કારણે વેર રાખીને કૃત્ય આચરવામાં આવ્યું

સુરત : ઉત્રાણની 'શાલીગ્રામ સ્ટેટ્સ'માં ધાર્મિક આસ્થાના પ્રતિક સમાન 'પ્રસાદ'નો ઉપયોગ કરીને એક આખા પરિવારને મોતના મુખમાં ધકેલવાનો પૂર્વઆયોજિત પ્રયાસ કરવામાં આવ્યો છે. ઘરના દરવાજે લટકાવેલા ઝેરયુક્ત લાડુ ખાવાથી સસરા અને પુત્રવધૂની તબિયત લથડતા તેમને ગંભીર હાલતમાં હોસ્પિટલ ખસેડવામાં આવ્યા હતા. બે દિવસ મોતના મુખમાં રહી પરત ફરેલા પરિવારે આ પાડોશીનું કારસ્તાન હોવાની પ્રબળ શંકા વ્યક્ત કરી છે.

ઘટનાની વિગત મુજબ, ગત ૧૦મી તારીખે બપોરે જ્યારે ગોરધનભાઈ વશરામભાઈ ડોંડા ઘરે પરત ફર્યા, ત્યારે તેમના ઘરના મુખ્ય દરવાજાના ઉંબરામાં એક થેલી પડેલી હતી. ગુજરાતી સંસ્કૃતિમાં શુભ પ્રસંગે પાડોશીઓ પ્રસાદ વહેંચતા હોય છે, તેવું માની ગોરધનભાઈ આ 'પ્રસાદ' ઘરમાં લઈ ગયા હતા. ઘરમાં ગોરધનભાઈ અને તેમની પુત્રવધુ કિરણબેને આ લાડુ ખાધા હતા. જોકે, લાડુ ખાધાની ગણતરીની મિનિટોમાં જ બંનેને તીવ્ર ચક્કર આવવા, ઉલટીઓ થવી અને બેભાન થઈ જવા જેવી અસરો શરૂ થઈ હતી. સ્થિતિ ગંભીર જણાતા બંનેને તાત્કાલિક કિરણ હોસ્પિટલમાં ખસેડવામાં આવ્યા હતા.

હોસ્પિટલમાંથી પરત ફરેલા પીડિત પરિવારે પાડોશમાં રહેતી વ્યક્તિ સામે આક્ષેપ કરતા જણાવ્યું હતું કે, પાડોશીની દીકરી ભાગી જવાના જૂના વિવાદને કારણે વેર રાખીને આખા પરિવારને સામુહિક રીતે ખતમ કરી દેવા માટે આ કૃત્ય આચરવામાં આવ્યું છે.

પુત્રવધૂ કિરણબેને જણાવ્યું કે, જો અમે વધારે લાડુ ખાધો હોત તો આજે જીવતા ન હોત. ઉત્રાણ પોલીસે સોસાયટીના સીસીટીવી ફૂટેજ તપાસતા ૫ જેટલા શંકાસ્પદ વ્યક્તિઓ કેમેરામાં કેદ થયા છે. પાર્થ ચોવટિયા (એસીપી) એ જણાવ્યું હતું કે, હાલના તબક્કે ઉત્રાણ પોલીસ સ્ટેશન દ્વારા 'જાણવા જોગ' દાખલ કરવામાં આવેલી છે. આ જાણવા જોગના કામે જે હકીકત મળતા અમારી ટેક્નિકલ એનાલિસિસ અને બીજી જે ટીમો છે એ શકમંદ લોકોની તપાસ કરી રહી છે. પ્રસાદી એટલે કે મીઠાઈનું સેમ્પલ, એને કબજે કરી અને FSL ની અંદર એના પૃથક્કરણ માટે મોકલવામાં આવ્યું છે. એનો વિશેષ અહેવાલ આવે કે એની અંદર કયો કન્ટેન્ટ હાજર છે અને શું છે હકીકત, એના માટે સેમ્પલ મોકલી દેવાયા છે. પરિવારજનો દ્વારા જેમના પડોશી છે એમના પર શંકા વ્યક્ત કરવામાં આવી રહી છે, તો પોલીસ દરેક પાસાઓને ધ્યાનમાં રાખી, દરેક શકમંદ લોકો અને ટેક્નિકલ એનાલિસિસના આધારે તપાસ કરી રહી છે. જેટલા પણ શકમંદો છે એ તમામની પૂછપરછ કરવામાં આવી રહી છે. FSL નો રિપોર્ટ આવ્યા બાદ અને પૂછપરછના અંતે જે પણ હકીકત સામે આવશે એ મુજબ કાયદેસરની આગળની કાર્યવાહી કરવામાં આવશે.

ડભોલીમાં સ્તનપાન બાદ સૂતેલો સવા મહિનાનો બાળક ફરી ઊઠ્યો નહીં

સુરતઃ ડભોલીમાં સ્તનપાન બાદ સૂતેલો સવા મહિનાનો બાળક ફરી નહીં ઊઠતા મોત નિપજ્યું હતું. મૂળ ઉત્તરપ્રદેશ બાંદાના વતની અને હાલ ડભોલી ચાર રસ્તા પાસે આવેલા વિષ્ણુ નગરમાં ઝોહરાબાનુ મોહમ્મદ અનસખાન પરિવાર સાથે રહે છે. તેઓને સંતાનમાં એક પુત્રી અને એક પુત્ર સવા મહિનાનો છે. તેમના પતિ કલરકામ કરી પરિવારનું ગુજરાન ચલાવે છે. ગઈકાલે રાત્રે ઝોહરાબાનુએ સવા મહિનાના બાળકને સ્તનપાન કરાવ્યા બાદ સુવડાવ્યો હતો. આજે સોમવારે સવારે પિતાએ બાળકને ઉઠાડતા તે ઉઠ્યો નહતો. જેથી બેભાન હાલતમાં સારવાર માટે કોઝ-વે હેલ્થ સેન્ટર લઈ ગયા હતા. ત્યાંથી વધુ સારવાર માટે સ્મીમેર હોસ્પિટલમાં લઈ આવ્યા હતા. જ્યાં ફર